## 'સ્વાન્તઃ સુખાય'ની કવિતા | દક્ષા વ્યાસ

[**સ્વાન્તઃ સુખાય** : લાભશંકર રાવળ 'શાયર', પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦૦૫, પૃ. ૭૮, કિં. રૂ. ૫૦/-]

કવિતા, બાલગીત, સ્તુતિગાન, અનુવાદ, નવલકથા, નવલિકા વગેરે ક્ષેત્રે કલમ ચલાવનાર લાભશંકર રાવળનો કાવ્યસંગ્રહ 'સ્વાન્તઃ સુખાય' એમણે લખેલા બૃહદ્કાવ્યરાશિમાંથી હરિકૃષ્ણ પાઠકે કરેલું ચયન છે. ૧૯૫૬થી ૨૦૦૩ દરમિયાન રચાયેલી આ કૃતિઓ પાંચમા દાયકામાં પ્રચલિત સૌંદર્યદર્શી વલણને પ્રતિબિંબિત કરે છે. એમાં પ્રકૃતિ, અધ્યાત્મભાવ અને પ્રણયનાં સંવેદનો રંગરાગી છટાથી ઝિલાયાં છે. સંગ્રહની ૬૪ જેટલી રચનાઓમાં ૪૨ ગીતો, ૬ સૉનેટ, ૧૨ છાંદસ કૃતિઓ, ૪ ગઝલ ને બે મુક્તકનો સમાવેશ થયો છે.

કવિનાં ગીતોમાં કલ્પનાના ઝગારા, લયાત્મકતા, નવીનતા, કૌતુકરાગ અને નિજાનંદી મસ્તીથી સભર અભિવ્યક્તિ આકર્ષે છે. સપનામાં સ્નાન કરીને ઝાકળભીનું સવાર ઊગ્યું અને પ્રકૃતિનું લજ્જામય રૂપ આમ ઊઘડ્યું :

**બાલપદ્મ પ્રગટ્યું હો પ્હેલું**
**જાણે શૂન્ય તડાગે !**
**તુષારસ્નાતા મઘમઘ ધરતી**
**સલજ્જ સ્પર્શ-પરાગે**
**પ્રિયવર પરમ વરીને** (પૃ. ૧)

પ્રકૃતિ સાથે કવિને ઘરોબો છે. એની વિવિધ લીલાઓને તેઓ કૌતુકપૂર્વક નિહાળે છે અને એની સાથે સંગોષ્ઠિ કરવા ઉત્સુક બને છે :

**તરણાંને કાને કંઈ કહેતાં વાત વહેતાં ઝરણાં**
**સ્વેચ્છાએ ભટકંતાં પેલાં હવાપરીનાં હરણાં**
**એક વાર બસ ગોઠ કરી લઉં**
**એક વાર રસપોઠ ભરી લઉં**
**આથમણેથી ઘડીક ઉગમણા, નીરખી લઉં.** (પૃ. ૧૮)

શબ્દો ધોધની પેઠે આવે છે, ઉપરાઉપરી આક્રમણ કરે છે. 'ગોઠ'ની પાછળ 'રસપોઠ' કેવો ધસી આવ્યો છે ! શબ્દ અને લયના માયાલોકનું પ્રલોભન કવિઓને વિવશ કરતું, અવશ ખેંચતું આવ્યું છે. એમાં તણાતાં સૂર અને શબ્દ મળે, પણ ચિત્ર ન રચાય, એ ભાવકને કોઈ અર્થઘન અનુભૂતિ સુધી ન લઈ જાય એવું બને. 'સૂની સૂની / જૂઈથી ભીની રાત પરાગે રે'ના અનુષંગે 'મધમીઠેરા ઘાંઘા ઘેરા પાયલ વાગે રે'ની પ્રતીતિ શી રીતે કરવી ? શબ્દ સાથેનો કવિનો અતિલગાવ કવિતાને ઓછાબોલી રહેવા ન દે.

**ઘન અંબર લોલ વિલોલ રમે**
**નભ નીલ અષાઢી નેણ નમે** (પૃ. ૪૪)

શબ્દો રવાનુકારિતાથી, વર્ણસગાઈ કે પ્રાસબળે એકબીજાની સાથે ખેંચાઈ આવે ત્યારે રચના કર્ણમધુર બને, લયાત્મક બને; પરંતુ તે અનુભૂતિના ઊંડાણમાં ન પણ લઈ જાય. લયનું ઘેન એવું ખેંચે કે વાત શી બની તે અવગત થાય તે પૂર્વે જ આગળ નીકળી જવાય. એવી વેળા રચનામાંથી પસાર થવાય, તેને પમાય નહીં. 'લોચન લળું લળું રસ લટકે' જેવી પંક્તિ આગળ ભાવક શબ્દો પર ઓળઘોળ થઈ જાય, ગોળ ગોળ ઘૂમે પણ ક્યાંય પહોંચે નહીં, કલાકૃતિની એકાગ્રતાનો અનુભવ તેને ન મળે.

ઘણાં ગીતો અરૂઢ રીતે આઠથી દશ અંતરા જેટલાં લાંબાં છે. એ ગીતના સ્વરૂપ અંગે વિચારવા પ્રેરે છે. ગીતમાં ભાવ કડીએ કડીએ ઘૂંટાતો જાય, એને ઘનીભૂત અભિવ્યક્તિ મળે એવી અપેક્ષા રહે છે; પરંતુ જેટલું જે કાંઈ આવે તેને તે જ રૂપમાં વર્ણનની રીતે મૂકી દેવાતાં એનો પ્રભાવ મોળો પડે અને એક પ્રકારની રેઢિયાળતામાં તે પરિણમતું જણાય. જેમકે 'વિહંગ બોલો' છ અંતરામાં વિસ્તરેલું છે. એમાં પ્રથમ બે અંતરામાં કલ્પનાની જે ઉડાન છે તે અન્યત્ર નથી. છેલ્લી બે કડીઓ તો ન હોય તો કૃતિને હાનિ કરતાં લાભ જ વધારે થાય એમ લાગે.

આમ છતાં, કેટલાંક ગીતો એક કે બીજી રીતે આકર્ષતાં રહે છે. 'જે પળથી'માં તેજછાયાના સૌંદર્યને કવિ વિરાટ પ્રકૃતિમાં લીલા કરતું બતાવે છે ત્યાં સુંદર રંગરાગી કલ્પનાલોક ખૂલે છે, તો 'ઘનઘોરા'માં રવાનુકારિતા અને લયાત્મકતાની જુગલબંધી આસ્વાદ્ય નાદચિત્ર સર્જે છે. અભાવની વચ્ચે અંતરની અમીરાતનું લોભામણું દર્શન કરાવતું 'ઝાલાવાડ' સાદ્યંત આસ્વાદ્ય બન્યું છે. અધ્યાત્મનો રંગ અને નિજાનંદી મસ્તી કવિનાં ગીતોની ખાસ લાક્ષણિકતા બની રહે છે. 'રસૈક્ય', 'તમે – અમે', 'અનંત અભિસાર' જેવી રચનાઓ જીવ અને શિવના એકત્વને આલેખે છે. જીવ – શિવના અનંત અભિસારને સમજાવવા કવિએ સરસ રચનાપ્રપંચ યોજ્યો છે. 'અંતરતમ હે !'નો આર્જવભર્યો ઉપાડ આહ્લાદક બન્યો છે. એમાં ભાવાવેગ સાદ્યંત પમાય છે. 'હું ક્યાં તમને ચાહું છું !'ની કૌતુકરાગી છટા પણ ગમે એવી છે. 'ઉભય લોક', 'રંગ લિયો', 'મનકૂબે' વગેરે નિજાનંદી મસ્તીભર્યાં ગીતો છે. 'મનકૂબે'માં મનની મસ્ત સ્થિતિનો ચિતાર કલ્પનાના ઉત્તુંગ ઉછાળ સાથે પ્રગટ્યો છે :

**મનના મારા એકલ કૂબે**
**જગ આખાની સાહ્યબી ઝૂલે**
**આભના આંય પડે પડછંદા, આંગણાં લીંપે તેજલ ચંદા**
**વણગવાયાં ગીતની ગંગા બેઠા બેઠા બસ રેલવે બંદા** (પૃ. ૬૧)

ગ્રામજીવનની પાર્શ્વભૂમાં કવિએ રાજેન્દ્ર શાહની શૈલીએ થોડાં પ્રેમગીતો પણ આપ્યાં છે.

સંગ્રહનાં ગણતર સૉનેટોમાં 'ભૂકંપ' અને 'વિદાય' ધ્યાનાર્હ બન્યાં છે. 'ભૂકંપ'માં ધરતીકંપનો પ્રત્યક્ષ અનુભવ કરાવતું નાદચિત્ર રજૂ થયું છે :

**ધરા ધણણ ધણધણી ભ્રમિત દિગ્ગજો લડ્થડ્યા**
**ફટાક દઈ સામટા પ્રલયમેઘ ગડ્ગડ્યા,**
**કરાલ ધરતી તણું હૃદય ચીરતી કારમી**
**ચિરાડ મુખ કાળ શી પલકમાં કરાલા પડી** (પૃ. ૪)

તો 'વિદાય'માં મુમૂર્ષા – અવસાદ – વિરક્તિનું સંવેદન હૃદયસ્પર્શી અભિવ્યક્તિ પામ્યું છે :

**ચલો, અવ ન થંભવું, અહીં ભલે નર્યું નંદન,**
**લલાટ અવ લેપને શુકન હો ન વા ચંદન,**

**ભલે ઊઘડતાં કરે મૃદુલ દ્વાર રે ક્રંદન,**
**ચલો, અવ ચલો, કરો હૃદય ! આખરી વંદન !** (પૃ. ૧૬)

'પત્નીને', 'ફરી પાછી', 'સાંભરે', 'તૃપ્તિધારા'માં દાંપત્યભાવનું આલખન કરતા સરળ હૃદયના સીધા ઉદ્‌ગાર મળે છે. શૈલીઠાઠ નથી તેથી તે વધુ હૃદ્ય જણાય છે.

કવિએ પૃથ્વી, શિખરિણી, વસંતતિલકા, હરિગીત વગેરે છંદોને પળોટ્યા છે. ઘણે સ્થળે પરંપરિત હરિગીતનો પ્રયોગ મળે છે. સુંદરમ્‌ના '૧૩-૭ની લોકલ' અને નિરંજનના 'ફાઉન્ટનના બસસ્ટૉપ પર'નું સ્મરણ કરાવતું 'જંક્શન' કટાક્ષાત્મક કૃતિ હોઈ કવિને હાથવગા પ્રાસાનુપ્રાસ એમાં હૃદ્ય લાગે છે.

નિજાનંદી મસ્તીભર્યો મિજાજ ગઝલરચના પ્રત્યે ન દોરે તો જ નવાઈ. 'નાવ તરે', 'ગલ્લો તલ્લો', 'ખર્યું પર્ણ', 'અમારે', 'ઘર સાંભર્યાં છે' – એ રચનાઓની નોંધ લાક્ષણિક અભિવ્યક્તિને લીધે લેવાની થાય છે. 'નાવ તરે' ગમી જાય એવી અર્થસભર અને લાક્ષણિક અભિવ્યક્તિથી આગવી રચના બની છે :

**સંભ્રમ ને સંશયના દરિયા દરિયા**
**આંધી ને તોફાનો ભરિયા ભરિયા**
**નાવ તરે :** (પૃ. ૫)

'ખર્યું પર્ણ'નો ભુજંગી હળવા મિજાજમાં રસાળ-રમતિયાળ હલકીફૂલકી રજૂઆત દ્વારા વિરક્તિનો ભાવ સાદ્યંત પ્રગટાવે છે. હવામાં સરતા ખર્યા પાનને ક્યાં ખબર છે કે બધું નશ્વર છે – પોતે પણ ! એવી એક મઝાની કલ્પનાના દોર ઉપર એમાં સંવેદનને મનહર ઘાટ અપાયો છે.

'સ્વાન્તઃ સુખાય'માં આપણે એક શૈલીકારની કલમે મુખ્યત્વે અરૂઢ લંબાઈનાં પ્રકૃતિસૌંદર્યનાં તથા નિજાનંદી મસ્તીભર્યાં અધ્યાત્મરંગી ગીતોને માણીએ છીએ.